પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૨ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૮, ગુરૂવાર ; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

**કેનેડાના પ્રધાનમંત્રીએ અમૃતસરમાં રોટલી વણી**

ભારતની મુલાકાતે આવેલા કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડો પંજાબની મુલાકાતે પહોંચ્યા હતા. અમૃતસરમાં સુવર્ણમંદિરની મુલાકાત દરમ્યાન પ્રધાનમંત્રીએ લંગરહોલમાં રોટલી વણવાનો અનુભવ કર્યો હતો.

**અમિત શાહ બીમાર થતા દિલ્હી પરત**

કર્ણાટકની ત્રણ દિવસની મુલાકાતે આવેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની તબીયત લથડતાં તેઓને પરત દિલ્હી આવવુ પડ્યુ હતુ.

**આપના બે ધારાસભ્યો પોલીસ કસ્ટડીમાં**

મુખ્ય સચિવ સાથે ગેરવર્તુણુંક કરવા માટે નોંધાયેલી પોલીસ ફરિયાદ બાબતે આપના બે ધારાસભ્યોની અટકાયત કરી તેઓને પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.

**૧ જુલાઈથી મોબાઈલ નંબર ૧૦ને બદલે ૧૩ અંકનો થશે**

મોબાઈલ નંબર ટૂંક સમયમાં બદલાઈ જશે. સરકાર તેની તૈયારી કરી રહી છે. હવે મોબાઈલ નંબર ૧૦ નહી પરંતુ ૧૩ આંકડા સાથે મોબાઈલ નંબર આવશે. ૧ જુલાઈ ૨૦૧૮ બાદ નવો નંબર લેશો તો તમને ૧૩ આંકડા ધરાવતો મોબાઈલ નંબર મળશે. કેન્દ્રીય સંચાર મંત્રાલયે તમામ રોજ્યોને આ અંગેના આદેશ આપ્યાં છે. બીએસએનએલે આ માટે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.

# યુપી ઈન્વેસ્ટર્સ સમિટમાં અધધ એમઓયુ

**અંબાણી, અદાણી, બિરલાએ તિજોરી ખોલી : પ્રથમ દિવસે ૪.૨૮ લાખ કરોડના ૧૦૪૫ એમઓયુ પર હસ્તાક્ષર : ઈન્વેસ્ટર્સ સમિટની શરૂઆત થયા બાદ તમામ ટોપના ઉદ્યોગપતિઓ દ્વારા રોકાણની જાહેરાત : ત્રણ વર્ષમાં ૪૦ લાખ યુવાનોને રોજગારીનો મુખ્ય હેતુ**



નવીદિલ્હી,તા. ૨૧

ઉત્તરપ્રદેશમાં અચ્છે દિનની શરૂઆત થઈ રહી હોવાના સંકેત મળવા લાગી ગયા છે.ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં શરૂ થયેલી બે દિવસીય યુપી ઈન્વેસ્ટર્સ સમિટના પ્રથમ દિવસે જ દેશના ટોપના ઉદ્યોગપતિઓએ ઉત્તરપ્રદેશમાં નાણાંનો વરસાદ કર્યો હતો. સમિટના પ્રથમ દિવસે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી, અદાણી ગ્રુપના ગૌતમ અદાણી, આદિત્ય બિરલા ગ્રુપના કુમાર મંગલમ બિરલા સહિતના ટોપના ઉગ્યોગપતિઓએ તેમની તિજોરી ઉત્તરપ્રદેશ માટે ખોલી દીધી હતી. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે કહ્યુ હતુ કે યુપી ઈન્વેસ્ટર્સ સમિટમાં પ્રથમ દિવસે જ ૪.૨૮ લાખ કરોડ રૂપિયાના ૧૦૪૫ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેમમે કહ્યુ હતુ કે આ વર્ષે ઉત્તરપ્રદેશનુ બજેટ પણ ૪.૨૮ લાખ કરોડ રૂપિયાનુ છે. તેમણે કહ્યુ હતુ કે સ્માર્ટ સિટી હેઠળ ૯૯ શહેરોમાં યુપીના ૧૦ શહેર સામેલ છે. ઉત્તારપ્રદેશના કાનપુર, વારાણસી, ગોરખપુર, અલ્હાબાદમાં મેટ્રો ટ્રેન ચલાવવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. સમિટની શરૂઆત થયા બાદ સૌથી પહેલા રિલાયન્સ દ્વારા મોટી જાહેરાત કરવામાં આવી હતી. આ તમામ જંગી રોકાણની રૂપરેખા તૈયાર કરવામાં આવ્યા બાદ આગામી સમયમાં ઉત્તરપ્રદેશના

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા જરૂરી છે : મોદી

**વડાપ્રધાને પાંચ 'પી'નો મંત્ર આપીને ચર્ચા જગાવી : હવે ઉત્તરપ્રદેશમમાં સુપરહિટ પરફોર્મ કરવા માટે યોગી, તેમની ટીમ અને રાજ્યની પ્રજા તૈયાર : મોદીનો વિશ્વાસ**

નવીદિલ્હી,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશ ઈન્વેસ્ટર્સ સમિટનુ આજે ઉદ્‌ઘાટન કર્યા બાદ સંબોધન કર્યુ હતુ. મોદીએ કહ્યુ હતુ કે જ્યારે પરિવર્તન થાય છે ત્યારે પરિવર્તન પણ દેખાવવા લાગે છે. આ પરિવર્તન માટે તેઓ મુખ્યપ્રધાન યોગી અને તેમની ટીમને અભિનંદન આપે છે. તેમણે કહ્યુ હતુ કે પહેલા ઉત્તરપ્રદેશમાં ભય અને અસુરક્ષાની સ્થિતી હતી. હવે પ્રદેશને હતાશા અને નિરાશામાંથી બહાર કાઢવામાં સફળતા મળી ચુકી છે. રાજ્યમાં લોકોમાં નવી આશા દેખાઈ રહી છે. મોદીએ તેમના અંદાજમાં પાંચ પીનો મંત્ર આપ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે પોન્ટેશિયલ , પોલિસી, પ્લાનિંગ,પરફોર્મથી જ પ્રોગ્રેસ આવે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યુ હતુ કે યુપીમાં યોગી, તેમની ટીમ અને પ્રજા હવે સુપરહિટ પરફોર્મ કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યુ હતુ કે થોડાક દિવસ પહેલા મહારાષ્ટ્રમાં પણ આવા જ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. મહારાષ્ટ્ર સરકારે ટ્રિલિયન ડોલર ઈકોનોમિ માટે ટાર્ગેટ રાખીને વિશ્વાસ સાથે આગળ વધવાની જાહેરાત કરી દીધી છે. ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આ બાબતને લઈને સ્પર્ધા થઈ શકે છે. પહેલા કોણ ટ્રિલિયન ડોલર ઈકોનોમી માટે લક્ષ્ય હાંસલ કરી શકે છે. તેમણે કહ્યુ હતુ કે રાજ્યો પારસ્પરિક સ્પર્ધા કરે તે જરૂરી છે.




# સીરિયામાં ત્રણ દિવસમાં ૧૯૬નાં મોત

**સીરિયામાં હજુ સુધીની સૌથી ખરાબ હાલત : ૩૯ બાળકો સહિત ૧૨૭ લોકોના મોત માત્ર સોમવારના દિવસે થયા હતા : વ્યાપક રક્તપાતનાથી નાગરિકો પરેશાન**

સીરિયા,તા. ૨૧

સીરિયામાં છેલ્લા કેટલાક દિવસથી વ્યાપક રક્તપાતનો દોર જારી રહ્યો છે. રક્તપાતમાં છેલ્લા ત્રણ દિવસના ગાળામાં જ ૧૯૪ લોકોના મોત થઈ ગયા છે. જેમાં માસુમ બાળકોનો પણ સમાવેશ થાય છે. સીરિયામાં હજુ સુધીની સૌથી વિનાશકારી હિંસાનો દોર ચાલી રહ્યો છે. ઈસ્ટર્ન ઘોઉટામાં બળવાખોરોના કબજાવાળા વિસ્તારમાં સતત ત્રણ દિવસથી હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે. જેમાં સેંકડો લોકોના મોત થઈ ગયા છે. જેટલા મોત સીરિયામાં હાલમાં થયા છે તેટલા મોત પહેલા ક્યારેય આટલા ટુંકા ગાળામાં થયા નથી. સ્થિતીનો અંદાજ આના પરથી લગાવી શકાય છે કે માત્ર સોમવારના દિવસે જ ૧૨૭ લોકોના મોત થયા હતા. જેમાં ૩૯ બાળકોનો સમાવેશ થાય છે. સોમવારના દિવસે સીરિયના ઈસ્ટર્ન ઘોઉટા વિસ્તારમાં છેલ્લા ચાર વર્ષમાં સૌથી વધુ મોત થયા હતા. સોમવારના દિવસે હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. બોંબમારાના કારણે લોકો ભારે

● અનુસંધાન પાન-૭ પર

# પીએનબી કૌભાંડમાં બ્રેડી હાઉસ બ્રાંચના હેડ રાજેશ જિંદાલની ધરપકડ

ન્યુ દિલ્હી,તા.૨૧

પંજાબ નેશનલ બેંકમાં થયેલા ૧૧ હજાર ૪૦૦ કરોડના કૌભાંડમાં સીબીઆઈએ તપાસ સઘન કરી છે. સીબીઆઈએ કૌભાંડ થયું તે વખતના બેંકના અધિકારી રાજેશ જિંદલની ધરપકડ કરી છે. જિંદલ પીએનબીમાં મુંબઈ સ્થિત બ્રેડી હાઉચ બ્રાંચના હેડ હતા. તમને જણાવી દઈએ કે રાજેશ જિંદલ ૨૦૦૯ થી ૨૦૧૧ની વચ્ચે બ્રીચ બ્રેડી હાઉચના બ્રાંચ હેડ રહેલ છે. જિંદલ પર આરોપ છે કે તેમણે તે સમયે નિરવ મોદીને કંપનીના લેટર ઓફ અંડરટેકિંગ એટલે કે એલઓયુ જાહેર કરવા દીધા હતા. ઉલ્લેખનીય છે કે કૌભાંડ મામલે આ પહેલા પીએનબીના ત્રણ અધિકારીની ધરપકડ થઈ ચૂકી છે. અને હવે જિંદલની પણ ધરપકડ સીબીઆઈએ કરી છે. સાથે જ તમને જણાવી દઈએ કે મંગળવારે સીબીઆઈએ ૧૧,૪૦૦ કરોડ રૂપિયાના કૌભાંડ મામલે મુખ્ય આરોપી નિરવ મોદીના ફાઈવ સ્ટાર ડાયમંડ કંપનીના અધ્યક્ષ (નાણાંકીય) વિપુલ અંબાણીની પણ ધરપકડ કરી હતી.

અધિકારીઓએ જાણકારી આપી હતી કે આ મામલે આ પહેલી મોટી ધરપકડ છે. જો કે આ કેસના મુખ્ય બે આરોપી નિરવ મોદી અને મેહુલ ચૌકશી આ પહેલા જ દેશ છોડીને રફુ ચક્કર થઈ ચૂક્યા છે. સોમવારે પણ સીબીઆઈ દ્વારા પીએનબીના ત્રણ અધિકારીઓની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ તેમાં એકલ ખિડકા જે ઓપરેટર હતા.






# પ્રિયા પ્રકાશની સામે દાખલ બધા કેસ પર સુપ્રીમની મનાઈ


**મલયાલમ અભિનેત્રી પ્રિયા પ્રકાશને રાહત : ફિલ્મમાં વિંક સોંગ માટે બધા પ્રકારની કાયદાકીય પ્રક્રિયા પર સ્ટે મુકવાનો સુપ્રીમ કોર્ટ દ્વારા આખરે આદેશ કરાયો**

નવી દિલ્હી,તા. ૨૧

હાલમાં દેશભરમાં ભારે લોકપ્રિયતા મેળવી રહેલી મલયાલમ અભિનેત્રી પ્રિયા પ્રકાશ વારિયરને આજે મોટી રાહત થઈ હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે આજે તેની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. હવે સુપ્રીમ કોર્ટે તેની અરજી પર સુનાવણી ચલાવતી વેળા અભિનેત્રીની સામે ઓરુ અડાલ લવ ફિલ્મના વિંક સોન્ગ માટે તમામ પ્રકારની કાયદાકીય કાર્યવાહી પર સ્ટે મુકવાનો આદેશ કર્યો છે. ચોક્કસપણે ફિલ્મના નિર્માતા અને અભિનેત્રી માટે આ ચોક્કસપણે ખુબ મોટી રાહતના સમાચાર છે. અભિનેત્રી પ્રિયા પ્રકાશે પોતાની ફિલ્મની સામે થનાર તમામ કાયદાકીય કાર્યવાહી પર સ્ટે મુકવાની માંગ કરીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ફિલ્મના સીનમાં આંખ મારીને પ્રિયા રાતોરાત સુપરસ્ટાર બની ગઈ હતી. સુપ્રીમ કોર્ટ પ્રિયા પ્રકાશના હકમાં ચુકાદો આપતા કહ્યુ છે કે હૈદરાબાદ અને મુંબઈમાં દાખલ કરવામાં આવેલા કેસ પર સ્ટે મુકવામાં આવે તે જરૂરી છે. તેલંગાણા અને મહારાષ્ટ્રના તમામ ફરિયાદ કરનાર પાસેથી પણ જવાબની માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં પ્રિયાના વકીલે કોર્ટમાં તર્કદાર દલીલો કરી હતી. સાથે સાથે તરત કાર્યવાહી કરવા માટેની પણ માંગ કરી હતી.



ભારે ચર્ચામાં રહેલી પ્રિયા પ્રકાશ અને ઓરુ અડાર લવના નિર્માતાની સામે તેલંગાણા અને મહારાષ્ટ્રમાં એક ચોક્કસ સમુદાય તરફથી ભાવનાને ઠેસ પહોંચાડી દેવાનો આરોપ કરીને ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પહેલા તેલંગણાના કેટલાક યુવાનોએ ફિલ્મના વાયરલ ગીતને ધર્મની સામે હોવાની વાત કરીને વાંધો ઉઠાવ્યો હતો. ગીત વાંધાજનક હોવાનો ફિલ્મના નિર્માતા નિર્દેશકોએ ઈન્કાર કર્યો હતો.



## બેસણું

અમારા પરમ પૂજય પિતાશ્રી **મહેન્દ્રકુમાર ઉમેદરામ પુરોહિત (દેહદાતા) (નિવૃત્ત સચિવશ્રી, નર્મદા અને જળસંપત્તિ વિભાગ)**નું તા. ૨૦/૨/૨૦૧૮ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૩/૨/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : 'નિરાંત' પ્લોટ નં. ૨૮૭, સેક્ટર-૨૦, ગાંધીનગર**

**ચેતના સૌરભ ઉપાધ્યાય (પુત્રી)** **દીપા મિનષ ભટ્ટ (પુત્રી)**
**સૌરભ બી. ઉપાધ્યાય (જમાઈ)** **મનીષ સી. ભટ્ટ (જમાઈ)**
**સુશીલાબેન એમ. પુરોહિત (ધર્મપત્નિ)**